## ઓલિમ્પિક્સ માટેની ભારતીય ટેબલ ટેનિસ ટીમમાં ખેલાડીઓ કરતાં વધુ સપોર્ટ સ્ટાફ

નવી દિલ્હી, તા. 15 (પીટીઆઇ) : જર્મનીના સારબ્રુકેનમાં પેરિસ ઓલિમ્પિક્સની તૈયારી કરી રહેલી ભારતીય ટેબલ ટેનિસ ટીમમાં ખેલાડીઓ કરતાં વધુ સપોર્ટ સ્ટાફ છે. ઓલિમ્પિક્સ પહેલા ત્રીજી વખત ભારતના મુખ્ય કોચ તરીકે પરત ફરેલા ઈટાલીના માસિમો કોન્સ્ટેન્ટિની રાષ્ટ્રીય કોચ તરીકે માજી ખેલાડી સૌરવ ચક્રવર્તી સાથે છે. આ ઉપરાંત મહિલા ટીમના ત્રણેય સભ્યો પ્રાઈવેટ કોચ લેવા ઈચ્છતા હોવાથી સરકારે ચાર પ્રાઈવેટ કોચને ટીમની સાથે રાખવાની મંજૂરી આપી છે. નવ સભ્યોના સપોર્ટ સ્ટાફમાં બે મસાજર અને એક ફિઝિયો પણ સામેલ છે જ્યારે ટીમમાં ત્રણ મહિલા અને ત્રણ પુરૂષ મળીને છ ખેલાડીઓ છે. સ્ટાર ખેલાડીઓ મનિકા બત્રા, શ્રીજા અકુલા અને અર્ચના કામથ તેમના અંગત કોચ લેશે. જોકે, ખાનગી કોચને સ્પર્ધાના સ્થળે જવા દેવામાં આવશે નહીં કે તેઓ સ્પોર્ટ્સ વિલેજમાં રહી શકશે નહીં.

# સ્પેન અને આર્જેન્ટીનાએ ટાઇટલ જીતીને ચાહકોને ખુશ કરી દીધા

## ઈંગ્લેન્ડનું સપનું રોળી સ્પેન વિક્રમી ચોથીવાર યુરો ચેમ્પિયન

**મિકેલ** ઓયર્ઝાબલે 86મી મિનિટે કરેલા નિર્ણાયક ગોલની મદદથી સ્પેને ઈંગ્લેન્ડને 2-1થી હરાવી ટાઇટલ જીત્યું

**યુરો** 2024માં સ્પેને તમામ સાત મેચ જીતવાની સાથે જ એક ટૂર્નામેન્ટમાં સર્વાધિક 15 ગોલ કરવાનો રેકોર્ડ બનાવ્યો



બર્લિન, તા. 15 (એપી) : યુરોપિયન ફૂટબોલ ચેમ્પિયનશિપ યુરો 2024ની રવિવારે રાત્રે અહીં રમાયેલી ફાઇનલમાં 1966 પછી પ્રથમ ટાઇટલ જીતવાના ઈંગ્લેન્ડના સપનાને ચકનાચૂર કરીને સ્પેને 2-1થી જીત મેળવીને વિક્રમી ચોથીવાર યુરોપિયન ફૂટબોલમાં પોતાની સર્વોપરિતા સાબિત કરી હતી. ટૂર્નામેન્ટની શરૂઆતથી અંત સુધી સ્પેનનું પ્રભુત્વ રહ્યું હતું અને ફાઇનલમાં જ્યારે સ્કોર 1-1ની બરોબરી પર હતો ત્યારે 86મી મિનિટે મિકેલ ઓયર્ઝાબલે કરેલા ગોલને કારણે સ્પેને 2-1થી જીત મેળવી હતી.

કેપ્ટન અલ્વારો મોરાટાના વિકલ્પ તરીકે મેદાન પર આવેલા મિકેલે ડાબી વિંગમાંથી મળેલા માર્ક કુક્યુરેલાના પાસને ગોલમાં કન્વર્ટ કરીને મેચને વધારાના સમયમાં જતી અટકાવી હતી. ફૂટબોલના જનક એવા ઈંગ્લેન્ડે 1966ના વર્લ્ડકપ પછી કોઈ મોટો ખિતાબ જીત્યો નથી. જર્મનીમાં 1936ના ઓલિમ્પિક્સ માટે બનેલા આ સ્ટેડિયમમાં ઈંગ્લેન્ડના ખેલાડીઓ ટ્રોફી અને આકાશમાં ફટાકડા ફોડી રહેલા સ્પેનિશ ખેલાડીઓને નિરાશ નજરે જોતા રહ્યા હતા.

47મી મિનિટે સ્પેન માટે પહેલો ગોલ કરનાર નિકો વિલિયમ્સે કહ્યું કે અમે યુરોપના ચેમ્પિયન છીએ. ઈંગ્લેન્ડ માટે સબસ્ટિટ્યૂટ કોલ પામરે 73મી મિનિટે બરાબરીનો ગોલ કર્યો હતો. સ્પેને આ પહેલા 1964, 2008 અને 2012માં યુરો ટાઇટલ જીત્યું હતું. આ યુરો ચેમ્પિયનશિપમાં, સ્પેને તમામ સાત મેચ જીતી અને એક ટુર્નામેન્ટમાં સૌથી વધુ 15 ગોલ કરવાનો રેકોર્ડ બનાવ્યો સ્પેને બંને મહિલા વર્લ્ડકપ ઈંગ્લેન્ડને હરાવીને જીત્યા છે અને 2023માં યુએફા નેશન્સ લીગ પણ જીતી હતી. યુએફાએ એ સ્પેનિશ મિડફિલ્ડર રોડ્રીને 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' જાહેર કર્યો હતો. બીજી તરફ, 2021 યુરો ફાઇનલમાં ઇટાલી દ્વારા પેનલ્ટી શૂટઆઉટમાં હારેલા ઈંગ્લેન્ડના આ હારને કારણે તમામ ઘા ફરી લીલા થઈ ગયા અને ટ્રોફીની રાહ પણ લાંબી થઈ ગઈ છે.

### ઈંગ્લેન્ડના હેરી કેન અને સ્પેનના ડેની ઓલ્મો સહિત છને ગોલ્ડન બૂટ એવોર્ડ

બર્લિન, તા. 15 : ઈંગ્લેન્ડના સ્ટ્રાઈકર હેરી કેન અને સ્પેનના ડેની ઓલ્મો સહિત છ ખેલાડીઓએ યુરોપિયન ફૂટબોલ ચેમ્પિયનશિપમાં સૌથી વધુ ત્રણ ગોલ કરવા બદલ ગોલ્ડન બૂટ જીત્યો હતો. કેન અને ડેની ઉપરાંત જર્મનીના જમાલ મુસિયાલા, નેધરલેન્ડના કોડી ગાક્પો, સ્લોવાકિયાના ઇવાન શ્રાન્ઝ અને જ્યોર્જિયાના જ્યોર્જ એમે પણ ત્રણ-ત્રણ ગોલ કર્યા હતા. કેનને સતત બે યુરો ફાઇનલમાં હારવાનું દુખ સહન કરવાનો વારો આવ્યો છે. તે ત્રણ વર્ષ પહેલા ફાઇનલમાં પેનલ્ટી શૂટ-આઉટમાં ઇટાલી સામે હારી ગયેલી ટીમમાં પણ હતો. આ સિવાય તેને ચેમ્પિયન્સ લીગની ફાઇનલમાં અને બે વખત ઈંગ્લિશ લીગ કપની ફાઇનલમાં પણ હારનો સામનો કરવો પડ્યો છે.

### 'બર્થ ડે બોય' લેમિન યામલ યુરો 2024નો શ્રેષ્ઠ યુવા ખેલાડી જાહેર થયો



બર્લિન, તા. 15 (એપી) : સ્પેન ફૂટબોલની નવી સનસનાટી એવા લેમિન યામલને તેના 17મા જન્મદિવસના એક દિવસ પછી યુરોપિયન ફૂટબોલ ચેમ્પિયનશિપના શ્રેષ્ઠ યુવા ખેલાડીનો એવોર્ડ મળ્યો હતો. ફાઇનલમાં સ્પેને ઈંગ્લેન્ડને 2-1થી હરાવ્યા પછી યામલે આ એવોર્ડ જીત્યો હતો. તેણે કહ્યું હતું કે મને આનાથી વધુ સારી બર્થડે ગિફ્ટ મળી શકે નહીં. આ એક સ્વપ્ન સાકાર થવા જેવું છે. તે યુરો ચેમ્પિયનશિપમાં રમનાર, ગોલ કરનાર અને ફાઇનલમાં રમનાર સૌથી યુવા ખેલાડી પણ બન્યો હતો. બાર્સેલોના વતી રમતા યામલનો રોલ મોડલ લિયોનેલ મેસી છે. તે સ્પેનિશ લીગમાં ગોલ કરનાર સૌથી યુવા ખેલાડી પણ બન્યો હતો. તેણે તેની પ્રથમ યુરો ચેમ્પિયનશિપમાં એક ગોલ કર્યો હતો અને ચાર આસિસ્ટ કર્યા હતા.

### બે અલગ અલગ સંસ્કૃતિના ખેલાડી લેમિન યામલ અને નિકો વિલિયમ્સન સ્પેન માટે સ્ટાર સાબિત થયા



યુરો ચેમ્પિયનશીપમાં રમનાર સૌથી યુવા ખેલાડી લેમીન યામલે વિલિયમ્સના ગોલમાં સૂત્રધારની ભૂમિકા ભજવી હતી. બંને વિંગર્સ વિવિધ સંસ્કૃતિના ખેલાડીઓથી બનેલી સ્પેનની ટીમના સ્ટાર સાબિત થયા હતા. શનિવારે તેનો 17મો જન્મદિવસ ઉજવનારા યામલની માતા ગિનીયા અને પિતા મોરોક્કોથી છે, જ્યારે વિલિયમ્સના માતાપિતા ઘાનાના છે જેઓ વધુ સારા જીવનની શોધમાં યુરોપમાં સ્થળાંતરિત થયા હતા. સ્પેન પહોંચવા માટે, તેઓ ખીચોખીચ ભરેલા ટ્રકમાં બેસીને પછી સહારાના રણને પગપાળા પાર કરીને આવ્યા હતા. પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કરાયેલા વિલિયમ્સે કહ્યું હતું કે મારા માતા-પિતાએ મને અહીં લાવવા માટે ઘણું પસાર કર્યું છે. હું ખુશ છું કે મેં ઇતિહાસ રચ્યો છે. વિલિયમ્સનો ભાઈ ઇનાકી ઘાના માટે રમે છે પરંતુ વિલિયમ્સને સ્પેન પસંદ કર્યું અને હવે તે આખા દેશનો હીરો બની ગયો છે.

**કહીં ખુશી**



**કહીં ગમ**



સ્પેનના મેડ્રિડમાં સ્પેનિશ સમર્થકો દ્વારા ટીમની યુરો 2024ની ટાઇટલ જીતની ઉજવણી અને બર્લિનના ફેન ઝોન ખાતે ટીમની હાર પછી ઈંગ્લેન્ડના ચાહકોના હતાશ ચહેરા



## મેસી ઘાયલ થવા છતાં આર્જેન્ટિનાએ વિક્રમી 16મી વાર કોપા અમેરિકા ટાઇટલ જીત્યું

**ફેબ્રુઆરી** 2022થી ચાલી રહેલા કોલંબિયાના 28 મેચના વિજય અભિયાનને અટકાવી આર્જેન્ટીનાએ 1-0થી ફાઇનલ જીતી

**આર્જેન્ટિનાએ** 2021 કોપા અમેરિકા અને 2022 વર્લ્ડકપ પછી તેનું ત્રીજું મોટું ટાઇટલ જીતીને સ્પેનની બરાબરી કરી

મિયામી ગાર્ડન્સ, તા. 15 (એપી) : કોપા એમેરિકા ફૂટબોલ ટૂર્નામેન્ટની ભારતીય સમય અનુસાર આજે સોમવારે ચાહકોના હંગામાને કારણે સર્જાયેલા વિલંબથી વહેલી સવારે 6.50 વાગ્યાથી રમાયેલી ફાઇનલમાં આર્જેન્ટિનાએ 112મી મિનિટમાં લૌટારો માર્ટિનેઝના એકમાત્ર ગોલના આધારે કોલંબિયાને 1-0થી હરાવીને સતત બીજીવાર અને વિક્રમી 16મી વાર કોપા અમેરિકા ટાઇટલ જીત્યું હતું. ફાઇનલની ખાસ વાત એ હતી કે બીજા હાફમાં લિયોનેલ મેસી ઘાયલ થતાં તેણે બેન્ચ પર બેસી રહેવું પડ્યું હતું, જો કે મેસી વગર પણ આર્જેન્ટીનાએ ટાઇટલ જીત્યું હતું.

મેસ્સી 64મી મિનિટે દોડતી વખતે પડી જતાં ઈજાનો ભોગ બન્યો હતો. ઈજા બાદ બેન્ચ પર બેઠેલા મેસીએ પોતાની બંને હથેળીઓ વડે પોતાનો ચહેરો છુપાવી દીધો હતો. મેચનો એકમાત્ર ગોલ કર્યા પછી, માર્ટિનેઝે બેન્ચ પર જઇને કેપ્ટનને ભેટ્યો હતો. આર્જેન્ટિનાએ 2021 કોપા અમેરિકા અને 2022 વર્લ્ડકપ પછી તેનું ત્રીજું મોટું ટાઇટલ જીતીને સ્પેનની બરાબરી કરી હતી. સ્પેને 2010 વર્લ્ડકપ ઉપરાંત 2008 અને 2012 યુરો ચેમ્પિયનશિપ જીતી હતી. આ સાથે આર્જેન્ટિનાએ કોલંબિયાના ફેબ્રુઆરી 2022થી ચાલતા આવતા 28 મેચના અજેય અભિયાનને પણ રોકી દીધું હતું.

મેચની 97મી મિનિટે મેદાનમાં ઉતરેલા માર્ટિનેઝે જીઓવાની લો સેલ્સોના પાસને ગોલમાં ફેરવી દીધો હતો. આ તેનો 29મો ઇન્ટરનેશનલ અને આ ટૂર્નામેન્ટમાં તેનો પાંચમો ગોલ હતો.

અંતિમ વ્હીસલ પછી લંગડાતી સ્થિતિમાં ચાલતા આવેલા મેસીએ તેના સીનિયર સાથી ખેલાડીઓ નિકોલસ ઓટામેન્ડી, અને ઇન્ટરનેશનલ ફૂટબોલને અલવિદા કરવાની તૈયારી કરી રહેલા એન્જલ ડી મારિયાને ટ્રોફી લેવા માટે બોલાવ્યા હતા. ત્રણેય એકબીજાને ભેટ્યા હતા. ડિ મારીયાએ કહ્યું હતું કે તેને સમજાવી શકાતું નથી, આવું થવાનું જ હતું. મેં ગઈકાલે રાત્રે ડિનર પર બધાને કહ્યું કે મેં આનું સપનું જોયું છે અને તેથી જ આ મારી છેલ્લી કોપા અમેરિકા ટૂર્નામેન્ટ છે. મેં તેને જીતવાનું સપનું જોયું હતું.



આર્જેન્ટીનાના લૌટારો માર્ટિનેઝને ગોલ્ડન બુટ ટ્રોફી મળી હતી જ્યારે કોલંબિયાના જેમ્સ રોડ્રિગ્સને પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ અને આર્જેન્ટીનાના ગોલકિપર એમેલિયાનો માર્ટીનેઝને શ્રેષ્ઠ ગોલકિપર જાહેર કરવામાં આવ્યા હતા.

### ફાઇનલના બીજા હાફમાં મેદાન પર પડતા ઘવાયેલા લિયોનલ મેસીની ઘુંટીમાં સોજો જોવા મળ્યો



મિયામી ગાર્ડન્સ : આર્જેન્ટિનાના સુપરસ્ટાર લિયોનેલ મેસીને કોપા અમેરિકાની ફાઇનલમાં બીજા હાફમાં 64મી મિનિટે થયેલી ઇજાને કારણે મેદાનમાંથી વહેલી વિદાય લેવી પડી હતી. મેસી જ્યારે બેન્ચ પર બેઠો ત્યારે તેના જમણા પગની ઘૂંટીમાં સોજો જોવા મળ્યો હતો. મેસી મેદાન પર પડ્યો કે તરત જ તેણે બેન્ચ તરફ જોયું અને તેને લાગ્યું કે તે હવે ટુર્નામેન્ટમાં આગળ રમી શકશે નહીં. જ્યારે ટ્રેનર આવ્યો ત્યારે તે ઘણી મિનિટો સુધી સૂઈ રહ્યો હતો અને તેની મદદથી તેણે તેના જમણા પગનો બુટ ઉતાર્યો ત્યારે તેની ઘૂંટીમાં સોજો દેખાતો હતો. મેસીએ મેદાન છોડતી વખતે કેપ્ટનની આર્મબેન્ડ ઉતારી દીધી હતી અને હતાશામાં પોતાનો બુટ જમીન પર ફેંક્યો હતો. આ પછી, તે પોતાની હથેળીઓ વડે ચહેરો છુપાવીને સીટ પર બેઠો રહ્યો હતો. 37 વર્ષીય મેસી પણ સંભવત: તેની છેલ્લી કોપા અમેરિકા રમી રહ્યો હતો, તેણે ટુર્નામેન્ટમાં એક ગોલ કર્યો.

### ચાહકોની ભીડના હંગામાને કારણે મેચ એક કલાક અને 20 મિનિટ મોડી શરૂ થઇ

હાર્ડ રોક સ્ટેડિયમમાં ભીડના ખલેલને કારણે મેચ એક કલાક અને 20 મિનિટ મોડી શરૂ થઇ હતી. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા વિડિયોમાં મોટાભાગે કોલંબિયાના પીળા અને લાલ રંગોવાળા વસ્ત્રો ધરાવતા ચાહકો, સ્ટેડિયમના દક્ષિણપશ્ચિમ પ્રવેશદ્વારની નજીકની સુરક્ષા રેલિંગ પર કૂદકો મારતા અને પોલીસ અધિકારીઓ અને સ્ટેડિયમના એટેન્ડન્ટ્સ પાછળ દોડતા જોવા મળે છે. બેકગ્રાઉન્ડમાં લોકોનો દેકારો સાંભળવા મળે છે. દરવાજો ફરી બંધ કર્યા પછી, સુરક્ષા કર્મીઓએ ચાહકોને ધીમે ધીમે 8:10 વાગ્યાની આસપાસ અંદર આવવા દેવાનું શરૂ કર્યું હતું, મેચ શરૂ થવાનો નવો સ્થાનિક સમય 9:15 વાગ્યાનો હતો, પરંતુ હંગામો બંધ થયો નહીં. અને કેટલાક ચાહકોએ ફરીથી રેલિંગ તોડી નાંખી હતી.

### કોપા અમેરિકાની જીતે આર્થિક સંકટ સામે ઝઝૂમી રહેલા આર્જેન્ટિનાને ઉજવણી કરવાની તક આપી

આર્થિક કટોકટી સામે ઝઝૂમી રહેલા આર્જેન્ટીનાના ફૂટબોલ ચાહકો છેલ્લા 24 દિવસમાં તેમના તમામ દુ:ખ અને દર્દ ભૂલી ગયા હતા અને લિયોનેલ મેસીની આગેવાની હેઠળની ટીમને કોપા અમેરિકાનો ખિતાબ જીતતી જોઈને તેમને ઉજવણીની તક મળી હતી. 18 ડિસેમ્બર, 2022ના રોજ આર્જેન્ટિનાના વર્લ્ડકપ જીતવાની ઉજવણીના સાક્ષી રહેલા ડિએગો સેસેરેસે કહ્યું હતું કે ફેન્ટાસ્ટિક. આ જીત પણ સુંદર છે. કોલંબિયાને વધારાના સમયમાં એક ગોલથી હરાવીને સતત બીજી વખત કોપા અમેરિકા જીત્યા બાદ આર્જેન્ટિનામાં ઉજવણી અને આતશબાજી શરૂ થઈ હતી.

## પેરિસ ઓલિમ્પિકની તૈયારીમાં એથ્લેટિક્સને સૌથી વધુ રૂ. 96.08 કરોડ રકમ મળી

**બેડમિન્ટન** પાછળ 72.02 કરોડ અને બોક્સિંગ પાછળ 60.93 કરોડનો ખર્ચ કરાયો હોવાના અહેવાલ

**ગત** વખતે જીતેલા સાત મેડલને ધ્યાનમાં લેતાં આ વખતે અપેક્ષાઓ વધુ છે અને તેથી ખર્ચ વધુ થયો

**કોને કેટલું ફંડ ફળવાયું**

| રમત | ફંડ |
|---|---|
| એથ્લેટિક્સ | 96.08 કરોડ |
| બેડમિન્ટન | 72.02 કરોડ |
| બોક્સિંગ | 60.93 કરોડ |
| શૂટિંગ | 60.42 કરોડ |
| મેન્સ હોકી | 41.29 કરોડ |
| તિરંદાજી | 39.18 કરોડ |
| રેસલિંગ | 37.80 કરોડ |
| વેઇટલિફ્ટીંગ | 26.98 કરોડ |

નવી દિલ્હી, તા. 15 (પીટીઆઇ) : કોઈપણ રમતને પ્રોત્સાહન આપવા માટે માત્ર એક ઓલિમ્પિક્સ મેડલ પૂરતો છે અને જો તે ગોલ્ડ મેડલ હોય તો તે સોનામાં સુગંધ ભળવા જેવી વાત હોય છે. ત્રણ વર્ષ પહેલાં ટોક્યો ગેમ્સમાં ભાલા ફેંકના ખેલાડી નીરજ ચોપરાના ગોલ્ડ મેડલ પછી, ભારતના ટ્રેક અને ફિલ્ડ ખેલાડીઓને આ ઓલિમ્પિક્સ સાયકલમાં સરકારી ભંડોળનો સૌથી મોટો હિસ્સો મળ્યો છે. ભંડોળ મેળવવામાં બીજા ક્રમે બેડમિન્ટન અને ત્રીજા ક્રમે બોક્સિંગ રહ્યું છે.

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (સાઇ)ના મિશન ઓલિમ્પિક સેલ (એમઓસી)ના પીટીઆઇ પાસે ઉપલબ્ધ સત્તાવાર ડેટા અનુસાર, સરકારે એથ્લેટિક્સ પર 96 કરોડ આઠ લાખ રૂપિયા ખર્ચ્યા છે. આ વખતે ભારતની 16 રમતોની તૈયારીઓ પર લગભગ 470 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. છેલ્લી ઓલિમ્પિક્સ સાયકલમાં, લક્ષ્ય ઓલિમ્પિક પોડિયમ સ્કીમ (ટોપ્સ) હેઠળ એથ્લેટિક્સ પર 5 કરોડ 38 લાખ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા. ચોપરાના નેતૃત્વમાં 28 સભ્યોની એથ્લેટિક્સ ટીમ 26 જુલાઈથી શરૂ થનારી પેરિસ ગેમ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. ભારતીય ટીમમાં કુલ 118 ખેલાડીઓ સામેલ છે. સૂત્રોએ જણાવ્યું છે કે ગત વખતે જીતેલા સાત મેડલને ધ્યાનમાં લેતાં આ વખતે અપેક્ષાઓ વધુ છે અને તેથી ખર્ચ વધુ થયો છે.

દેશના બેડમિન્ટન ખેલાડીઓ મહત્તમ અનુદાન મેળવવામાં બીજા ક્રમે રહ્યા હતા. બેડમિન્ટન ખેલાડીઓને રૂ. 72.02 કરોડ મળ્યા છે, ત્યારબાદ બોક્સિંગ 60.93 કરોડ અને શૂટિંગને 60.42 કરોડ મળ્યા છે.

## નિવૃત્તિ મામલે રોહિત શર્માનું ટૂંકુને ટચ : હાલ થોડા સમય માટે ટેસ્ટ, વનડે રમવાનું ચાલુ રાખશે

**હું** બહુ આગળનું નથી વિચારતો પણ તમે મને થોડા સમય સુધી રમતો જોશો : રોહિત શર્મા



ડલાસ, તા. 15 (પીટીઆઇ) : ગયા મહિને ટી-20 વર્લ્ડકપ જીતીને તેની ટી-20 ઈન્ટરનેશનલ કેરિયરને અલવિદા કરનારા ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્માએ પોતાની નિવૃત્તિ અંગે ટૂંકમાં એવું કહ્યું હતું કે તે ટેસ્ટ અને વન ડે રમવાનું થોડા સમય માટે ચાલુ રાખશે. રોહિત વેસ્ટ ઈન્ડિઝમાં ટી-20 વર્લ્ડકપ જીત્યા બાદ બ્રેક પર છે અને શ્રીલંકા સામેની ત્રણ વનડે મેચ પણ તે રમવાનો નથી.

સાડત્રીસ વર્ષના રોહિતે અહીં એક સમારોહમાં કહ્યું હતું કે હું હાલમા જ એવું કહી ચૂક્યો છું કે હું બહુ આગળ વિચારતો નથી. ઓછામાં ઓછા તમે મને થોડો સમય રમતા જોશો, એ ઉલ્લેખનીય છે કે આ મહિનાની શરૂઆતમાં બીસીસીઆઈના સચિવ જય શાહે કહ્યું હતું કે વર્તમાન વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ સીઝન અને આવતા વર્ષે ફેબ્રુઆરી-માર્ચમાં રમાનારી ચેમ્પિયન્સ ટ્રોફીમાં રોહિત ભારતીય ટીમનો કેપ્ટન રહેશે. રોહિતનું નિવેદન વેસ્ટ ઈન્ડિઝમાં ફાઈનલ પછી તેની ટી-20 નિવૃત્તિની જાહેરાત કર્યા પછી તેણે સ્પષ્ટ કરેલી સ્થિતિનું પુનરાવર્તન સમાન જ હતું.

**અનુસંધાન**... પાના પહેલાનું

### દિલ્હી ડાયરી...

આત્મવિશ્વાસથી પ્રભાવિત ખડગેએ તેમને કથિત રીતે કહ્યું હતું કે જો પાર્ટી 20 સીટો સુધી પહોંચે તો તેઓ વ્યક્તિગત રીતે બેંગલુરુ આવશે અને તેમને હાર પહેરાવશે. ત્યાં બંને નેતાઓ વચ્ચે વાતચીત સમાપ્ત થઈ. આ વાર્તાલાપ રસપ્રદ હતો. કારણ કે, ખડગે પણ કર્ણાટકના છે અને મુખ્ય પ્રધાનને પ્રશ્નો પૂછીને તેઓ જમીની સ્તરે વાસ્તવિક સ્થિતિ વિશેના તેમના જ્ઞાનની ઊંડાઈનું મૂલ્યાંકન કરી રહ્યા હશે.

**સીપીડબ્લ્યુડીએ કેન્દ્ર સરકારની ઇમારતોમાં તમામ નળમાં એરેટર્સ ઇન્સ્ટોલ કર્યા**

સરકારી ઇમારતોમાં પાણીનો વપરાશ એવા સમયે તપાસમાં આવ્યો છે જ્યારે દિલ્હીમાં ભીષણ ગરમીને કારણે પાણી પુરવઠામાં કાપનો સામનો કરવો પડી રહ્યો છે. જલ શક્તિ મંત્રાલયે સરકારી કચેરીઓની જાળવણી કરતું સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (સીપીડબ્લ્યુડી) ને ખાતરી કરવા માટે કહ્યું છે કે વોટર ટેપ એરેટર્સ સ્થાપિત કરવાની તેની 2019ની પહેલને ખંતપૂર્વક અનુસરવામાં આવે છે, તે વિશ્વસનીય રીતે જાણવા મળ્યું હતું. સરકારે ઉદાહરણ રજૂ કરીને નેતૃત્વ કરવું જોઈએ અને તમામ સીપીડબ્લ્યુડી ઇમારતોને પાણીના પ્રવાહને નિયંત્રિત કરવા માટે તમામ નળ પર એરેટર્સ સ્થાપિત કરવા જોઈએ. મંત્રાલયે ગયા મહિને યોજાયેલી એક બેઠક દરમિયાન સીપીડબ્લ્યુડીને જણાવ્યું હતું. મંત્રાલયની સૂચનાઓ પર કાર્યવાહી કરતાં સીપીડબ્લ્યુડીએ કેન્દ્ર સરકારની ઇમારતોમાં તમામ નળમાં એરેટર્સ ઇન્સ્ટોલ કરેલા છે તેની ખાતરી કરવા માટે તરત જ તેની તમામ કચેરીઓને આદેશ જારી કર્યો. જલ શક્તિ મંત્રાલયના અધિકારીઓએ ગરમીની મોસમ દરમિયાન જળ સંરક્ષણ માટે સીપીડબ્લ્યુડીને નિર્દેશો જારી કરીને યોગ્ય કર્યું. ચોક્કસપણે, દાનની શરૂઆત ઘરથી જ થવી જોઈએ અને સરકારે વ્યક્તિગત ઉદાહરણ દ્વારા ચલણ શરૂ કરવું જોઈએ.

**ચૂંટણી પછીની રજિસ્ટ્રેશન પ્રક્રિયા સંપૂર્ણપણે પેપરલેસ હતી**

4 જૂને મતગણતરી પહેલા લોકસભા સચિવાલયે નવા સભ્યોને આવકારવાની તૈયારીઓ શરૂ કરી દીધી હતી. લોકસભાના મહાસચિવ ઉત્પલ કુમાર સિંહે તૈયારીઓના ભાગરૂપે 18મી લોકસભાના સભ્યોની એકીકૃત નોંધણી માટે કરવામાં આવેલી વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. પ્રક્રિયા સંપૂર્ણપણે પેપરલેસ હતી. સચિવાલયે દિલ્હીમાં એરપોર્ટ અને રેલવે સ્ટેશનો પર ડિજિટલ રજિસ્ટ્રેશન ડેસ્ક, ગાઇડ પોસ્ટ્સ પણ ગોઠવી છે. આ સાથે પરિવહન આવાસ ગોઠવવાની તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી હતી. તમામ 20 રજિસ્ટ્રેશન કાઉન્ટરો સ્થાપવામાં આવ્યા હતા - સંસદ ભવન એનેક્સીમાં બેન્કવેટ હોલ અને ખાનગી ડાઇનિંગ રૂમમાં 10-10. સચિવાલયે નોંધણી હેતુ માટે 70 અધિકારીઓને ખાસ તાલીમ પણ આપી હતી. દરેક સામાન્ય ચૂંટણી દરમિયાન પરિણામોની ઘોષણા પછી આ એક પરંપરાગત કવાયત છે. અભ્યાસને પેપરલેસ બનાવવો એ એક નવું પરિમાણ હતું.